# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2553 ❖ જ્યેષ્ઠ પૂર્ણિમા ❖ 7 જૂન 2009 ❖ વર્ષ – ૧૦ ❖ અંક – ૩ ❖ સળંગ અંક - 111


## ધમ્મવાણી

यस्स पुरे च पच्छा च, मज्झे च नत्थि किञ्चनं ।
अकिञ्चनं अनादानं, तमहं ब्रूमि ब्राह्मणं ।।
धम्मपद – ४२१, ब्राह्मणवग्गो

ધર્મનું દાન બધાં દાનોને જીતી લે છે. એટલે કે બધાં દાનોમાં શ્રેષ્ઠ છે. ધર્મનો રસ બધા રસોને જીતી લે છે. એટલે કે બધા રસોમાં શ્રેષ્ઠ છે. ધર્મમાં રમણ કરવું એ બધાં રમણ સુખોને જીતી લે છે. એટલે કે બધી રતિઓમાં શ્રેષ્ઠ છે. તૃષ્ણાક્ષય બધાં દુઃખોને જીતી લે છે. એટલે કે બધાથી શ્રેષ્ઠ સુખ છે.

## એક દાયકો પૂરો થયો

૨૦મી જૂન ૧૯૬૯ ના દિવસે પરમ પૂજ્ય ગુરુદેવ ઉ બા ખિનજીએ મને આચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરીને મારા શિરે એક મોટી જવાબદારીનું કામ મૂક્યું. બે દિવસ બાદ જ બ્રહ્મદેશથી ભારત પ્રસ્થાન હતું. સ્વર્ગ સમાન ગરિમામયી જન્મભૂમિ છોડીને અનેક બુદ્ધોની, જ્ઞાનીઓની, સંતોની અને પોતાના પૂર્વજોની આ પરમ પાવન ધર્મભૂમિને પોતાના ભાવી જીવનની કર્મભૂમિ બનાવવાનો પુનિત પ્રસંગ હતો, સુખદ સંયોગ હતો.

ગુરુદેવની બહુ મોટી કલ્યાણકામના હતી કે બ્રહ્મદેશ ભારતનું ઋણ ચૂકવે. વીસ-પચીસ સદીઓ પૂર્વે જે કલ્યાણી વિપશ્યના વિદ્યા બ્રહ્મદેશને ઉપલબ્ધ થઇ હતી, તેને વિનીતભાવે પાછી સ્વદેશ પહોંચાડવી એ જ ઋણ ચૂકવણી હતી.

આ મહત્ત્વપૂર્ણ કાર્યને તેઓ સ્વયં પૂરું કરવા ઇચ્છતા હતા, પણ કેટલાયે પ્રતિબંધોને કારણે કરવા પામતા ન હતા. આથી મારા મારફત કરાવવા ઇચ્છતા હતા. યોગ્ય સમયની પ્રતીક્ષા હતી. સંયોગ એવો થયો કે બર્મી નાગરિક હોવા છતાં ભારત ગયેલી વૃદ્ધ માતાની માંદગીને કારણે મારો ભારત આવવાનો પ્રસંગ બન્યો. બર્મી સરકારે અનુમતિ આપી અને ભારત સરકારે પ્રવેશની અનુમતિ પ્રદાન કરી. (બંને સરકારોનો અત્યંત આભારી છું). ભારત આવવાની સુવિધા પ્રાપ્ત થઇ. ગુરુદેવ અત્યંત પ્રસન્ન થયા. પોતાની ચિરસંચિત ધર્મકામના પૂરી કરવાની જવાબદારી તેમણે મને સોંપી. મારી ખામીઓને જાણવા છતાં પણ જવાબદારી સ્વીકારવાની જ હતી. મારે પણ ગુરુ ઋણમાંથી મુક્ત થવું હતું. જે કરુણામય સંતે આ કલ્યાણકારી વિદ્યા શીખવીને મારા માટે અવિદ્યારૂપી ઇંડાનું કોચલું તોડાવ્યું અને અંતર્ચેતનાનો આત્મબોધ કરાવીને એક નવો જન્મ આપ્યો અને કેવળ જન્મ જ નહિ, ચૌદ વર્ષ સુધી અસીમ વાત્સલ્યભાવે મને આ વિદ્યામાં પુષ્ટ કર્યો, તેમના આ મહાન ઋણમાંથી ઉઋણ થવા માટે મોટામાં મોટી જવાબદારી લેવાની જ હતી.

ખરેખર જવાબદારી મોટી હતી. અર્વાચીન ભારતમાં ભગવાન ગૌતમ બુદ્ધ પ્રત્યે અત્યંત શ્રદ્ધા અને ગૌરવનો ભાવ હોવા છતાં અનેક લોકોના મનમાં તેમના પ્રશિક્ષણ પ્રત્યે કેવી ઊંડી ભ્રાંતિઓ છે ! કેવો ઊંડો વિરોધ છે! વીસ બાવીસ સદીઓની ભ્રાંતિઓ, વીસ બાવીસ સદીઓનો વિરોધ ! કોઇને શો દોષ દઉં? હું પોતે પણ કદીક આ ભ્રાંતિઓનો શિકાર હતો. આ જ વિરોધમાં સામેલ હતો. ગુરુદેવની કૃપાથી સદ્ધર્મનો વ્યાવહારિક પક્ષ શીખવા મળ્યો ત્યારે બધી ભ્રાંતિઓ દૂર થઇ, બધો વિરોધ વિલીન થયો. આ વ્યાવહારિક પક્ષ જ હવે અનેક લોકોની ભ્રાંતિઓ અને વિરોધ દૂર કરી શકયો છે અને કરી રહ્યો છે. ધર્મનું સાંપ્રદાયિકતાવિહીન શુદ્ધ મંગલકારી સ્વરૂપ પ્રકાશમાં આવી રહ્યું છે.

ભગવાન બુદ્ધે ધર્મનું શુદ્ધ સ્વરૂપ જ પ્રકાશિત કર્યું. શીલ, સમાધિ અને પ્રજ્ઞાનો સર્વજનીન વ્યાવહારિક ઉપદેશ જ આપ્યો. કોઇ પણ બોધિપ્રાપ્ત પુરુષ એમ જ કરત ! ધર્મ ખાલી દાર્શનિક માન્યતાઓ અને વિવાદો માટે નથી હોતો. સંપ્રદાયની સ્થાપના માટે પણ ધર્મ નથી હોતો. ધર્મ આત્મકલ્યાણ માટે જ હોય છે. સદ્ધર્મના આ સર્વજન હિતકારી સ્વરૂપે જ મને પોતાના પ્રતિ આકર્ષિત કરેલો અને અનેક સમજદાર લોકોને પણ તે જ પોતાના પ્રતિ આકર્ષિત કરી શકયું છે, કરી રહ્યું છે. ''અહો બુદ્ધ ! અહો ધમ્મ ! અહો ધમ્મસુધમ્મતા! '' ધન્ય હો બુદ્ધ, જે ધર્મનો ઉપદેશ આપે છે. ધન્ય છે, ધર્મ જે સર્વજનીન, હિતકારી હોય છે. ધન્ય છે, ધર્મની સુધર્મતા જેને કારણે તેને કોઇ પણ સામાન્ય વ્યકિત ધારણ કરીને લાભાન્વિત થઇ શકે છે. આભારી છું આવા સંપ્રદાય નિરપેક્ષ ધર્મનો જે મનમાં રજમાત્ર પણ સાંપ્રદાયિક સંકીર્ણતા નથી આવવા દેતો. આ ધર્મબળ પર જ વિપશ્યના લોકસેવાનું માધ્યમ બની શકી છે. જો કે પ્રારંભિકઅડચણો તો હતી જ .

એક મોટી અડચણ એ પણ હતી કે લગભગ ૬૦ કરોડની જનસંખ્યાવાળા આ દેશમાં કુલ મળીને ૧૦૦ વ્યકિત પણ મારી પરિચિત ન હતી, અને જેમને ઘનિષ્ઠ કહી શકું, તેમની સંખ્યા તો આંગળીના વેઢે ગણી શકાય ! સૌથી ઘનિષ્ઠ તો પોતાના જ પરિવારના ભારતવાસી સદસ્યો! પરંતુ એવો સંયોગ થયો કે તેમને એક સર્વથા વિપરીત સાધના પ્રણાલીમાં દઢતાપૂર્વક પ્રતિષ્ઠિત જોયા. ભારત પહોંચતાં જ પરિવારના જે વાતાવરણનો સામનો કરવો પડયો, તેનાથી તો એવું જ લાગ્યું કે તેમની પાસેથી લેશમાત્ર પણ સહયોગની આશા રાખવી વ્યર્થ છે ! પરંતુ છતાં પણ સહયોગ મળ્યો જ. જેને ભૂલી ન શકું. તેમનો આભાર માનું છું. મારા આ પ્રભૂત પુણ્ય કાર્યમાં તેમને પણ ભાગીદાર ગણું છું.

છેલ્લા દસ વર્ષોમાં હજારોની સંખ્યામાં દેશ-વિદેશના જે લોકો સંપર્કમાં આવ્યા, તે વસ્તુતઃ ધર્મના બળ પર જ આવ્યા. કેટલા

અપરિચિત અજાણ્યા લોકો ધર્મના ક્ષેત્રમાં ચિર-પરિચિત સાબિત થયા. તેમનામાંથી અનેક તો એવા હતા, જેઓ પોતાના કોઇ પૂર્વ પુણ્યના પરિણામસ્વરૂપ ધર્મનું બીજ માત્ર લેવા આવ્યા, જે તેમને સમય પાકતાં કલ્યાણકારી ફળ આપશે જ . હું એ સૌનો અત્યંત આભાર માનું છું. તેમણે મને ધર્મદાન આપી શકવાનો અને ગુરુ ઋણમાંથી થોડોક પણ ઉઋણ થઇ શકવાનો સુઅવસર પ્રદાન કર્યો.

પરંતુ ધર્મસંપર્કમાં એવા લોકો પણ આવ્યા, જેઓ સહજ ભાવે આ કલ્યાણકારી આંદોલનનું અંગ બની ગયા. કેવી મહાન સેવા કરી એ લોકોએ ! છેલ્લાં દસ વર્ષોના વ્યસ્ત જીવનનું પુનરવલોકન કરું છું તો એવા કેટલાયે ચહેરાઓ સામે આવે છે જે વિપશ્યનાની શિબિર યોજવામાં તન મન ધનથી પૂર્ણ રીતે સંલગ્ન થઇ ગયા. આ એ પ્રારંભિક દિવસોની વાત છે, જયારે વિપશ્યનાનો અભ્યાસ તો દૂર, એ શબ્દ પણ લોકોને માટે વણસાંભળ્યો, અજાણ્યો હતો. એ વખતે વિપશ્યના પ્રશિક્ષણ માટે કોઇ કેન્દ્ર પણ બન્યું ન હતું. શિબિર વ્યવસ્થાપકે કોઇ ધર્મશાળા અથવા શાળા ભવનની વ્યવસ્થા કરવી પડતી. દસ દિવસો સુધી સાધકોના નિવાસ તથા ભોજનનો સમુચિત પ્રબંધ કરવો પડતો. કોઇ બિમાર હોય તો તેની યથોચિત ચિકિત્સા તથા પથ્યાહારનો પ્રબંધ કરવો પડતો. શિબિર દરમિયાન દસ દિવસ સુધી તો તે પોતાનો કામ-ધંધો છોડીને સાધકોની જાનૈયા જેવી સેવા ચાકરી કરતો જ, પરંતુ, તે પૂર્વે પણ બુકિંગ માટે અનેક દિવસો સુધી પત્રવ્યવહારમાં મંડયો રહેતો. અને વળી શિબિર પછી પણ જે કાંઇ વાસણકુસણ, ગાદલાં-ગોદડાં એકત્ર કર્યા, તેનું ભાડું ચૂકવવું તેને યથાસ્થાન પહોંચાડવાં, ઠેરઠેરથી આવેલા સાધકોને ઘેરે પાછા જવા માટે રેલ્વે બુકિંગ વગેરેનો પ્રબંધ કરવો. આમ નાનાં મોટાં સેંકડો કામ વ્યવસ્થાપકના શિરે પડતાં. અને આ બધું અત્યંત પ્રસન્નચિત્તે, વિશુધ્ધ સેવાભાવે થતું. કયાંય કશા લાભનો લોભ નહિ, યશની કામના નહી. સ્વયં ધર્મરસ ચાખ્યો છે. તેથી ઇચ્છે છે કે વધુમાં વધુ લોકો ધર્મરસ ચાખે. સ્વયં ધર્મસાધનાથી લાભાન્વિત થયો છે, તેથી ઇચ્છે છે કે વધુમાં વધુ લોકો લાભાન્વિત થાય.

આવા અનેક સેવાભાવીઓના ચહેરા યાદ કરું છું, તો મન કૃતજ્ઞતાવિભોર થઇ પુલક રોમાંચથી છલકાઇ ઊઠે છે. આટલા અલ્પકાળમાં જે પણ કામ થયું, તે શું આ નિઃસ્વાર્થ સેવકોની ધર્મસેવા વિના સંભવ હતું ?

આ જ સેવાભાવીઓમાંથી કેટલાકે પૂજય ગુરુદેવ સયાજી ઉ બા ખિનની પાવન સ્મૃતિમાં ઇગતપુરીમાં વિપશ્યના વિશ્વ વિદ્યાપીઠની સ્થાપના કરી. હૈદરાબાદમાં આંતરરાષ્ટ્રીય વિપશ્યના સાધના કેન્દ્રની અને જયપુરમાં વિપશ્યના કેન્દ્રની સ્થાપના કરી. આ સાધના કેન્દ્રોના નિર્માણમાં કેટલા વિપશ્યી સાધકોએ સહયોગ આપ્યો અને આપી જ રહ્યા છે ! તેમને આ સહયોગના બદલામાં કશું પણ પામવાની સ્વાર્થભાવના નહિ, વિશુધ્ધ સેવાભાવ જ. જેમણે દાન આપ્યું, તો કયાંય નામની આકાંક્ષા નહિ, કોઇ વિશિષ્ટ સુવિધાની કામના નહિ. સેવા પણ કરી તો કોઇ પદની ભૂખ નહીં, પ્રતિષ્ઠાની તૃષા નહીં. આભારી છું આ બધા સેવાર્થીઓનો.

આ ધર્મસેવા કેવળ ભારતીય સાધકો સુધી સીમિત ન રહી. અનેક વિદેશી યુવક યુવતીઓએ ધર્મસેવાને માટે પોતાનું જીવનદાન આપ્યું છે. કેટલાયે લોકો ધમ્મગિરિ પર સંન્યાસીની માફક સેવા કરે છે. આવશ્યકતા પડયે એક સામાન્ય મજૂરની માફક પરસેવો પાડીને શ્રમદાન દે છે. તેમની સેવાની લગન જોઇને અનેકોમાં મન પુલકિત થઇ ઊઠે છે, અને તેમને ધર્મપ્રેરણા મળે છે. ભારતમાં જ નહિ, બહાર વિદેશોમાં પણ અનેક લોકો સેવારત છે. અનેક દેશોમાં વિપશ્યનાનાં સંપર્કસ્થાન સ્થાપિત કરાયાં છે, જયાં નિયમિત રૂપે સાપ્તાહિક વિપશ્યના સાધના થાય છે, વખતોવખત વિપશ્યના શિબિરનું આયોજન કરાય છે. આ દેશી અને વિદેશી અનેકાનેક સાધકો ધન્યવાદને પાત્ર છે. જો કે હું જાણું છું કે તેમને ધન્યવાદની લેશમાત્ર ભૂખ નથી.

છેલ્લા દસ વર્ષોમાં કેટલીયે શિબિર બૌધ્ધ વિહારોમાં, જૈન ઉપાશ્રયોમાં, હિંદુ મંદિરોમાં, ખ્રિસ્તી દેવળોમાં અને મુસ્લિમ મસ્જિદોમાં થઇ. આ જે તે ધર્મસ્થાનોના નેતાઓની મહાનુભાવતાને કારણે જ થઇ શકયું. તેમનામાં જરા પણ સાંપ્રદાયિક સંકીર્ણતા હોત તો તેઓ પોતપોતાના ધર્મસ્થાનોમાં વિપશ્યનાની શિબિર કરવાની અનુમતિ શી રીતે આપત, ભલા ? ખાસ કરીને એવી અવસ્થામાં જયારે કોઇ દ્વેષભાવથી નહિ, પરંતુ નિર્વિઘ્ન સાધના કરી શકવાની અનિવાર્ય આવશ્યકતાને કારણે. વિપશ્યના શિબિરો દરમિયાન પોતાના બધાં દૈનિક કર્મકાંડ, વિધિવિધાન મંત્રાદિ બંધ કરી દેવાતા. ખંડાલાના સેંટ મેરી દેવળના મુખ્ય પ્રાર્થનાખંડમાં શિબિર થઇ. અને શિબિર દરમિયાન બે રવિવાર આવ્યા. નિત્ય પૂજાપાઠની વાત તો દૂર, આ બંને રવિવારે તેમનાં સાપ્તાહિક સામૂહિક પ્રાર્થના પ્રવચનો સુદ્ધાં બંધ રહ્યાં ! નિંગાળ (કચ્છ) ની મસ્જિદમાં બે શિબિર થઇ, જેમાં બે કે ત્રણ શુક્રવાર આવ્યા. રોજની અજાન બંધ રહી, તે તો રહી જ. પરંતુ, જુમ્માની સામૂહિક નમાજ પણ વિપશ્યનાવાળાને ખાતર બંધ રખાઇ. સંપ્રદાયપરસ્તીનું જરા પણ તંગ વલણ નહીં. ઉદાર ચેતના જ. સર્વથા પ્રશંસનીય છે આવી ઉદાર ચેતના, જેને લીધે મંદિરોમાં ઘંટારવ ન થયા, દેવળોમાં સામૂહિક પ્રાર્થનાઓ ન થઇ, મસ્જિદમાં અજાન અને નમાજ ન પઢાઇ. જેથી વિપશ્યનાનો સાધક શાંત વાતાવરણમાં અંતર્મુખ થઇને પોતાની ભીતરની ગાંઠો ખોલી શકવાની વિદ્યા શીખી શકે.

બ્રહ્મદેશમાં વિપશ્યના સાધનાની આ વિશુધ્ધ વિધિ ગુરુ શિષ્ય પરંપરા દ્વારા બહુ થોડા લોકોની પાસે જ છે. અનેક ભિક્ષુ આઠ આશુફલદાયિની (અકાલિક) અને પ્રત્યક્ષફલદાયિની (સાંદ્દષ્ટિક) વિદ્યાથી વંચિત છે. દેશના અનેક પ્રસિધ્ધ ભિક્ષુઓ પૂજય ગુરુદેવ પાસેથી આ કલ્યાણકારી વિદ્યા શીખવા માગતા હતા. પરંતુ, એક ગૃહસ્થનાં ચરણોમાં બેસીને શીખતાં અચકાતા હતા સામાજિક પ્રતિષ્ઠા પર આંચ આવવાનો ભય હતો. એટલે તેમના તરફથી પૂજય ગુરુદેવ પર એ વાતનું બહુ દબાણ હતું કે તેઓ ચીવર ધારણ કરી લે. જેથી એક ભિક્ષુ પાસેથી ધર્મ શીખવામાં કોઇને કશી કઠણાઇ ન લાગે. પરંતુ પૂજય ગુરુદેવને પોતાના સિદ્ધાંતો હતા. પોતાની માન્યતા હતી. જેની લીધે તેમની પોતાની મજબૂરી હતી. તેમને આ જીવનમાં ગૃહસ્થના બાનામાં ભિક્ષુ જેવું જીવન જીવીને ધર્મ સેવા કરવી હતી. તેમાં જ તેમને અધિક લોકોનું કલ્યાણ દેખાતું હતું. આથી, આ સંત પુરુષ પાસે એવી અધ્યાત્મ વિદ્યા છે જેના અભ્યાસથી નિર્ગ્રંથ બની શકાય છે, સ્થિતપ્રજ્ઞ બની શકાય છે. જીવનમુકત બની શકાય છે. એવું યથાર્થ જાણવા છતાં અનેક મુમુક્ષુ ભિક્ષુ તેમની પાસેથી ધર્મ શીખવાથી વંચિત રહી ગયા. પરંતુ લાચારી હતી.

પરંતુ ધન્ય છે આ ભારતભૂમિ. અહીં છેલ્લા દસ વર્ષોમાં કેટલાય ગૃહત્યાગીઓએ પોતાનો અહંભાવ છોડીને પ્રતિષ્ઠાના ભયને દૂર કરીને એક ગૃહસ્થ પાસેથી ધર્મ શીખ્યો ! કેટલાય લબ્ધપ્રતિષ્ઠ બૌદ્ધ ભિક્ષુ, જેઓ ભગવાનની વાણીના પ્રસિધ્ધ સંશોધક અને ઉદ્‌ઘોષક છે, મૂર્ધન્ય જૈન મુનિ અને સાદવીઓ જેઓ પોતપોતાના તીર્થના, ગચ્છના પૂજય છે, પ્રતિષ્ઠિત છે, કેટલાય ખ્રિસ્તી પાદરીઓ

અને સાધ્વીઓ, જે ખ્રિસ્તી સમાજમાં વરિષ્ઠ છે, વરેણ્ય છે, કેટલાય હિન્દુ સંન્યાસી, જે પોતાના ભકતોમાં પ્રણમ્ય છે, તેઓ એક ગૃહસ્થ પાસેથી સાધના શીખવા તૈયાર થયા. બહુ મોટી અહંતાનો પ્રશ્ન હતો, પ્રતિષ્ઠાનો સવાલ હતો. કોઈ શું કહેશે? તેમના અનેક અનુયાયી શું કહેશે? એક ગૃહસ્થ પાસે કોઈ લૌકિક અપરાવિદ્યા શીખે, જેમ કે ભાષા, વ્યાકરણ, ગણિત, ભૂગોળ, વિજ્ઞાન વગેરે શીખે ત્યાં સુધી તો ઠીક, પરંતુ આધ્યાત્મિક પરાવિદ્યા શીખવાને માટે પોતાના અહંભાવને શૂન્ય કરી લેવાનો હોય છે. અને આ ધર્મ મુમુક્ષુઓએ એ જ કર્યું. આ ગૃહત્યાગીઓએ કેવી લગન અને નિષ્ઠાથી ધર્મ શીખ્યો! કેટલાં કષ્ટ વેઠયાં ! પોતાના સાંપ્રદાયિક કર્મકાંડોને ગૌણ માનીને શુદ્ધ ધર્મ સાધનાની નિરંતરતાના અભ્યાસને મહત્ત્વ આપીને શિબિરોમાં સામેલ થયા. અનેક જૈન મુનિઓ તથા સાધ્વીઓ તો સેંકડો માઈલ પદયાત્રા કરીને શિબિરોમાં સામેલ થવા આવ્યા. ધન્ય છે તેમની ધર્મજિજ્ઞાસા; ધન્ય છે, તેમનો મુમુક્ષુ ભાવ ! ધન્ય છે, તેમની ત્યાગ તપસ્યા. અનેક જન્મોની સંચિત પુણ્ય પારમિતાના સ્વામી છે તેઓ! તો જ ધર્મસાધના તરફ ઉન્મુખ થયા. તેમનામાંના એક એકને યાદ કરું છું તો શ્રધ્ધાભર્યા પૂજ્ય ભાવથી મન માનસ ઊર્મિલ થઈ ઊઠે છે.

છેલ્લા એક દાયકામાં વિપશ્યના પ્રશિક્ષણના ક્ષેત્રમાં જે કાંઈ થયું, તેનું લેશમાત્ર અવમૂલ્યન નથી કરતો. અન્યથા, લોકોની સેવાનું અવમૂલ્યન થશે. તેમ છતાં, એટલું તો સમજું છું જ કે આ તો માત્ર પહેલું ચરણ હતું ! યાત્રા લાંબી છે. પુણ્યભૂમિ ભારતને આધાર બનાવીને વિશ્વમાં વિપશ્યનાનો આલોક પ્રસારિત કરવાનો છે. જીવનભરનું કામ છે સીધું ચઢાણ છે, વિઘ્નો છે. અડચણો છે. પોતાના જ ભીતરની-બહારની અડચણો, પારિવારિક અડચણો, સામાજિક અડચણો, અનેકાનેક ધર્મવિરોધી શકિતઓની અડચણો. આ અડચણો પાર કરવાને માટે ધર્મનું બળ પણ અપેક્ષિત છે. ધૈર્ય, સહિષ્ણુતા, લગન અને નિરહંકારતાનું ધર્મબળ. કયારેક કઠણાઈઓ સામે આવે છે તો પોતાની જ દુર્બળતાને કારણે થોડીક વાર માટે ઘૂંટણીએ પડી જવાય છે. પરંતુ, તુરંત ઘૂંટણ ખંખરીને ઊભો થાઉં છું. અને બમણા ધર્મબળથી કરી આગળ ચાલવાનો ક્રમ શરૂ કરી દઉં છું. અત્યાર સુધીમાં જે યાત્રા પૂરી કરી છે તેમાંથી જ આગળ ધપવાનું બળ મળે છે. અત્યાર સુધીની યાત્રા પૂરી કરવાનું બળ કૃતજ્ઞતાનું જ ધર્મબળ છે, એ જ પાથેય છે, આગળની યાત્રા માટે.

તેથી મન વારંવાર કૃતજ્ઞતાના ભાવોથી ભરાતું રહે છે. આભાર માનું છું. ભગવાન અર્હંત સમ્યક્ સંબુધ્ધનો જેમણે વિલુપ્ત વિદ્યા પુનઃ શોધી કાઢી અને તેનાં થકી આત્મહિત જ ન સાધ્યું, બલ્કે સર્વહિતને માટે મુકતહસ્તે તેનું વિતરણ કર્યું. આભારી છું, ભગવાન બુદ્ધથી માંડીને પરમ પૂજ્ય ગુરુદેવ ઉ બા ખિન સુધીની ગુરુ શિષ્ય પરંપરાનો, જેણે આ કલ્યાણકારી વિદ્યા તેના શુધ્ધ સ્વરૂપમાં સાચવી રાખી અને પરિણામે આપણને પ્રાપ્ત થઈ. આભારી છું મા સયામાનો, જેમણે ધર્મપદ પર અપરિમિત મંગલ મૈત્રીનું પાથેય આપ્યું. આભારી છું મારા પરિવારનાં બધાં લોકોનો, જેમનો સહયોગ જનહિતકારી સાબિત થયો. આભારી છું, ધર્મના બધા સાથી, સંગી, સહયોગી સહકારી અને સંરક્ષકોનો. જેમનો સાથ ખરેખર પથનું પાથેય બન્યો છે. છેલ્લાં દસ વર્ષોમાં જાણ્યે-અજાણ્યે મન વચન કે શરીરથી જે કોઈ પ્રતિ કોઈ અપરાધ થયો હોય તેમની પાસે કરબધ્ધ ક્ષમાયાચના કરતાં બધાનો આભારી છું! આભારી છું!! અત્યંત આભારી છું!!

**- સત્યનારાયણ ગોયન્કા**

# ધન્ય છે ધર્મ સેવકો

ધન્ય છે ધર્મસેવકો જે તદ્દન નિઃસ્વાર્થભાવે ધર્મ શિબિરોનું આયોજન અને વ્યવસ્થાનો ભાર હસતાં હસતાં વહન કરે છે. ધર્મ શિબિરની સફળતામાં ધર્મ શિક્ષકનું જેટલું ઉત્તરદાયિત્વ અને શ્રમ હોય છે. તેટલું જ આ ધર્મ સેવકોનું પણ હોય છે. સામાન્ય સાધક આ વાતથી અજાણ જ રહે છે કે શિબિરની સફળતામાં એક ધર્મસેવક કેટલો મોટો સહયોગ આપી રહ્યો છે.

શિબિરની તારીખ નિશ્ચિત થતાં જ ધર્મસેવકોનું સેવાકાર્ય શરૂ થઈ જાય છે. તેની માહિતી વિપશ્યના પત્રિકામાં પ્રકાશિત કરવી જરૂરી હોય છે. વિપશ્યનાનો અંક સમયસર પ્રકાશિત કરવા માટે સાહિત્ય પ્રેસમાં મોકલવું, તેનું પ્રૂફ વાંચવું અને છપાયા પછી સાધકોના સરનામે પોસ્ટ કરવા બધું કામ ધર્મસેવકો જ કરે છે. પત્રિકા ઉપરાંત શિબિરની તારીખોનાં પત્રકો છપાવવામાં આવે છે અને કોઈ શિબિરાર્થી દ્વારા પુછપરછ કરાતાં તેમને મોકલવામાં આવે છે. જયારે કોઈ વ્યકિત શિબિરમાં સામેલ થવાની રુચિ ધરાવે છે. ત્યારે આવેદનપત્ર સહિત શિબિરની આચારસંહિતાની નિયમાવલી મોકલવામાં આવે છે. કોઈના વિશેષ પ્રશ્નો હોય તો ધર્મશિક્ષકોને પૂછીને અન્યથા સામાન્ય પ્રશ્નોના ઉત્તર ધર્મસેવકો દ્વારા જ આપવામાં આવે છે. આમ નામ નોંધવાનું કામ શરૂ થઈ જાય છે. એકી સાથે અનેક શિબિરોની માહિતી પ્રકાશિત થાય છે. આથી સૌથી નજીકની શિબિરની વિશેષ પરંતુ ભવિષ્યની અનેક શિબિરોમાં નામ નોંધવાના આવેદનપત્રો પણ આવવા લાગે છે. જેઓને જે જે શિબિરની સ્વીકૃતિ આપવામાં આવે છે, તે તે શિબિરની સૂચિમાં તેમનાં નામ-સરનામાં વગેરે માહિતી નોંધવામાં આવે છે.

ધર્મસેવક માટે અહીંથી જ શિબિરાર્થીને સહયોગ આપવાનું આવશ્યક બની જાય છે જે શિબિરાર્થી સમજદાર અને જવાબદાર હોય છે તેઓ પ્રવેશપત્રમાં પુછાયેલા તમામ પ્રશ્નોના યોગ્ય અને પૂરેપૂરા ઉત્તર આપે છે. પરંતુ કેટલાક બેદરકાર હોય છે અને એ પ્રશ્નોનું મહત્ત્વ નથી સમજતાં. તેઓ અધૂરા ઉત્તર આપે છે અથવા નથી આપતા અને આ કારણે ધર્મસેવક માટે જ નહિ પરંતુ પોતાને માટે પણ મુશ્કેલી પેદા કરી દે છે. આવેદનપત્રના બધા જ પ્રશ્નો સાર્થક હોય છે. નિરર્થક એક પણ નથી હોતો. આ માહિતીના આધારે જ ધર્મસેવકો શિબિર આરંભ થવાના એક સપ્તાહ પહેલાં જ વ્યવસ્થાનું કામ શરૂ કરી દે છે. શિબિરાર્થી નવો છે કે જૂનો. જૂના હોય તો કેટલા જૂના, દેશી છે કે વિદેશી ? હિન્દી સમજે છે કે નહીં ? પુરુષ છે કે મહિલા ! કેટલી ઉંમરનો છે ? રોગી છે કે નિરોગી ? રોગી હોય તો કયા રોગથી પીડાય છે ? આ જાણકારીના આધારે શિબિરાર્થીઓ માટે નિવાસસ્થાન નિર્ધારિત કરાય છે જેથી પ્રત્યેક સાધકને તેની આવશ્યકતા અને યોગ્યતા અનુસાર અનુકૂળ સ્થાન મળે અને તે શિબિરનો અધિક લાભ લઈ શકે છે. શિબિરાર્થી જયારે આવેદનપત્ર સાથે પૂરું વિવરણ આપે તો વ્યવસ્થાપકનું કામ સમયસર તૈયાર થઈ શકે છે. શિબિર આરંભ થવાના દિવસે જયારે થોડાક જ વખતમાં આટલાં બધાં લોકોની ભીડ એકી સાથે એકઠી થાય છે તો તેમને વધુ વખત સુધી વિદ્યાપીઠની બહાર પ્રતીક્ષા નથી કરવી પડતી. જો લોકો આવ્યા પછી આ વિગતો પ્રાપ્ત થાય તો આવાસની ફાળવણીના કામમાં વાર લાગવાનું સ્વાભાવિક છે. (ગુરુજીના જૂના લેખનો અંશ)

